* * *

## કુટુંબ પેન્શનયોજના-1972 : કુટુંબની વ્યાખ્યામાં માતાપિતાનો સમાવેશ કરવા અને આવકમર્યાદા નક્કી કરવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : નવત/2001/ડી-496/પી,
સચિવાલય, ગાંધીનગર, તા. 9-11-2004

**વંચાણે લીધા :**
(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીજીઆર/1098/7/મ, તા. 20-1-'98.
(2) ભારત સરકારનો ઓફિસ મેમોરેન્ડમ નં. 45/51/97/પી. એન્ડ પી. ડબલ્યુ (ઈ), તા. 5-3-'98.
(3) ભારત સરકારનો ઓફિસ મેમોરેન્ડમ નં. 45/51/97/પી. એન્ડ પી. ડબલ્યુ (ઈ), તા. 21-7-'99.
(4) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પપક/1099/ભા. સ.-1/5, તા. 19-4-2000.
(5) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પપક/1099/ભા. સ.2/5, તા. 1-11-2000.

**પ્રસ્તાવના :**

નાણાં વિભાગના ઉપર આમુખ-1માં જણાવેલ ઠરાવના તા. 20-1-'98ના પેરા-6 (એ)માં કુટુંબપેન્શન યોજના-1972 અન્વયે કુટુંબની વ્યાખ્યામાં માતાપિતાનો સમાવેશ કરવામાં આવેલ છે. જે અન્વયે સરકારી કર્મચારી જ્યારે જીવતા હોય ત્યારે તેની ઉપર સંપૂર્ણ આધારિત હોય તેવા માબાપનો કુટુંબપેન્શનયોજના અન્વયે કુટુંબની વ્યાખ્યામાં સમાવેશ કરવા અંગેના હુકમો કરવામાં આવેલ છે. પરંતુ આવા માબાપની આધારિતતા અને આવકમર્યાદા નક્કી કરવા અંગેના હુકમો અલાયદા કરવામાં આવશે તેવું તે સમયે ઠરાવવામાં આવેલ છે.

2. આ બાબતમાં સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉપર આમુખ (2) અને (3) આગળ જણાવેલ ભારત સરકારના ઠરાવોને વંચાણે લઈને નીચે જણાવેલ શરતોને આધીન રહીને કુટુંબપેન્શનયોજના, 1972 અન્વયે કુટુંબની વ્યાખ્યામાં માતાપિતાનો સમાવેશ કરીને તેમને કુટુંબપેન્શન આપવાનું ઠરાવેલ છે :

(1) કર્મચારીના અવસાન સમયે માતાપિતા સંપૂર્ણપણે મૃત કર્મચારીના ઉપર આધારિત હોવાં જોઈએ.

(2) તેમની માસિક આવક રૂ. 2550 થી વધતી ન હોવી જોઈએ. આ અંગેનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવીને પ્રથમ વખતે તેમ જ દર વર્ષે રજૂ કરવાનું રહેશે.

(4) આ રીતે જે કિસ્સાઓમાં માતાપિતાને કુટુંબપેન્શન મળવાપાત્ર થશે તેમને કર્મચારીના પગારના 30 ટકા અથવા લઘુતમ રૂ. 1275/- બેમાંથી જે વધુ હોય તે મળવાપાત્ર થશે.

(5) તા. 1-1-'98 પહેલાં અવસાન પામનાર કર્મચારીઓના કિસ્સાઓમાં પણ જો માતાપિતાને કુટુંબપેન્શન મળવાપાત્ર હોય તો તેમને પણ તા. 1-1-'98ની અસરથી મળવાપાત્ર થશે.

(6) પેન્શન મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ કર્મચારી જ્યારે હયાત હતા ત્યારે માતાપિતા અવસાન પામનાર કર્મચારી ઉપર સંપૂર્ણપણે આધારિત હતાં અને અન્ય કોઈ હક્કદાર લાભાર્થી કુટુંબપેન્શન મેળવવાપાત્ર નથી, તેની પૂરતી ખરાઈ કરવાની રહેશે.

(7) માતાપિતાને કુટુંબપેન્શન મળવાપાત્ર થતું હશે તેવા કિસ્સાઓમાં પ્રથમ માતાને અને તેણીના અવસાન બાદ પિતાને કુટુંબપેન્શન મળશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, શામજી પટેલ
સરકારના સંયુક્ત સચિવ, નાણાં વિભાગ